ज्ञानोन्मेष

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

# પરિવારને પજવતી કુપ્રથાઓ

ડૉ. નરેન્દ્રકુમાર ધનસુખભાઈ વસાવા
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

**Received : 03-11-2020** **Published Online : Dec.-2020** **Accepted : 28-11-2020**

માનવસમુદાયના કાર્યો જે-તે કાળમાં એની ઉપયોગિતા, સમજણ વગેરેને આધારે રૂઢ થતાં જતાં હોય છે. એ કાર્યો ઘણીવાર જીવનશૈલીનો ભાગ બનીને લાંબા કાળ સુધી પુનરાવર્તન પામે છે. તો ઘણીવાર એમાં વત્તાઓછા પ્રમાણમાં બદલાવ પણ આવતા હોય છે. સમુદાય કે વર્ચસ્વ ધરાવતા જૂથોની માન્યતા અને સમજણ અનુસાર તેનો સ્વીકાર-પરિહાર કરે છે. આ રૂઢ થતાં કાર્યો સામાજિક પ્રથાઓનું સ્વરૂપ લઈ લે છે. પ્રથાઓનું સારું-ખરાબ હોવું સંભવ છે.

સમાજમાં ઊભી થયેલી પ્રથાઓનો સ્વીકાર જે તે પરિવારે કરવાનો રહેતો હોય છે. ઘણીવાર સમય જતાં સામાજિક અને પરિબળ બદલાતા એ રૂઢિઓ પણ પરિવર્તિત થતી હોય છે. સામાજિક ઉત્થાન - પરિવર્તનમાં સૌથી મોટો ભાગ ભજવનાર શિક્ષણ છે. આ શિક્ષણ જ્ઞાન રૂઢિઓની સાર્થકતા સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે. આપણાં ઈતિહાસના પાનાઓ અને કુરૂઢિઓના ચિતારથી ભરેલા આપણે વાંચ્યા છે. આજે સાંપ્રત કાળમાં જીવન વ્યતિત કરતાં આપણે સૌ તત્કાલિન સમાજના અજ્ઞાનને ધિક્કારીએ છીએ. કોઈ પણ જાતના તર્ક વિનાની પ્રથાઓમાં ભૂતકાળની પેઢીએ જે જીવન વ્યતિત કર્યુ એના પર તિર્થક રીતે હસી લઈને છીએ. આ રીતે કદાચ આપણે આધુનિક સભ્યસમાજ તરીકેની છાપ ઊભી કરવાનો પ્રયાસ કરતાં હોઈશું. આની સામે બીજી વાસ્તવિક્તા પણ છે જ.

સતીપ્રથા, દૂધપીતી કરવાનો રિવાજ, દરિયો નહીં ઓળંગવાની માન્યતા, દહેજ, લાજ, પુરુષ પ્રધાનતા, સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવી, સ્ત્રી-પુરુષના કાર્યોની વહેંચણી, ધાર્મિકતાએ ઊભી કરેલી જડતા, વિજ્ઞાનનો અસ્વીકાર, પાપ-પુણ્યના લેખાં વગેરે કેટલી બાબતો છે જે સમાજ સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. અને સ્વીકૃત પણ છે. એમાં પણ જે-તે સમાજમાં જુદા-જુદા પ્રકારની કુપ્રથાઓ પ્રચલનમાં હોય છે. ઘણીવાર એ પ્રથાઓની જડ એટલી ઊંડી હોય છે કે સમાજને એના લાભાલાભની સમજ મળ્યા પછી પણ એનો સ્વીકાર થતો નથી અને મોટા પરિવર્તનની રાહે એ પ્રથા પણ ચાલુ રહેતી જોવા મળે છે.

આજનો યુગ આધુનિકતાનો યુગ છે. યંત્રયુગ કે ટેકનોલૉજીનો યુગ છે. શિક્ષણ અને જ્ઞાનનો યુગ છે. આ યુગ ડેટાનો છે. માનવસભ્યતાના આ વિકાસના પંથ પર હવે કોઈ જડ પ્રથાઓ ઘર ન કરી શકે એવી સમજ પણ અર્થહીન જ ગણાશે. કેમકે, શિક્ષિત કુટુંબ પણ કુપ્રથાઓની વચ્ચે આજે પણ ઘેરાય છે.

ભારતમાં લગ્ન અને કૌટુંબિક સમસ્યાઓ ધ્યાનમાં લેતા પહેલાં આપણે હિન્દુ પરિવારની મહિલાઓની સ્થિતિ ધ્યાનમાં લેવી જોઈએ. ભારતીય કુટુંબ પ્રણાલીના ટીકાકારો કહે છે કે ભારતીય મહિલાઓ સામજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક ક્ષેત્રમાં પુરુષો સાથે સમાન અધિકારનો આનંદ લેતી નથી, તેઓની સાથે ખરાબ વર્તન કરવામાં આવે છે અને તેઓ કૌટુંબિક સંપત્તિમાં કોઈ હિસ્સેદારીનો દાવો કરી શકતા નથી.

સમાજમાં જન્મથી માંડી મરણ સુધી અનેક સારા માઠા પ્રસંગોએ આપણે કુરિવાજોને પ્રોત્સાહન આપતા

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

આવીએ છીએ. સૌપ્રથમ બાળકના જન્મને છઠે દિવસે ઘરની સ્ત્રીઓ ભેગી થતી અને છઠ્ઠી થતી. સુખી સંપન્ન લોકોએ આ દિવસે સૌને નિમંત્રણ આપી દેખાડો શરૂ કરી દીધો છે. બાળકના જન્મ પહેલાં સીમંત વિધિ થાય છે. પહેલાં ઘર ઘરની બે પાંચ બહેનો સામે પક્ષે જઈ સીમંત કરી દીકરીને તેડી લાવતા. આજના સમયે સીમંતમાં ૫૦૦ થી ૧૦૦૦ માણસનો જમણવાર થાય છે. અને બહેનોના આ પ્રસંગમાં ભાઈઓ પણ આવે અને પછી લેતી દેતીનો નવો રિવાજ પણ ચાલુ થયો છે. જૂની પરંપરા સારી હતી, સમય, પૈસા બચતા અને સરળતા રહેતી હતી. હવે તો લાડવા લઈને જવામાં પણ સો બસો વ્યક્તિને લઈ જવાનો કુરિવાજ ચાલુ થયો છે. આને રોકી શકાય તેમ છે.

દીકરા-દીકરીના વેવિશાળ પ્રસંગે ૨૫ થી ૩૦ વ્યક્તિ જતા, જેનાથી જે બની શકે તે મુજબ કપડાં અને ઘરેણાં લઈ જવાનો સામાન્ય રિવાજ આજે તો મહાકાય કુરિવાજમાં પરિણમ્યો છે. ૫૦૦ થી ૭૦૦ વ્યક્તિનો જમણવાર, લગ્ન જેવો જ ભપકો, સ્ટેજ ઉપર યુવક યુવતીને મળીને હાથમાં કવર આપવાનો કુરિવાજ ખટકે છે.

સમય, શક્તિ, દિવસો, સંપત્તિનો સૌથી વધુ વ્યય, બગાડ લગ્ન પ્રસંગમાં થાય છે, જે પ્રસંગ સવારથી સાંજ સુધીમાં સાદાઈથી સ્નેહીજનો વચ્ચે થઈ શકે તેને હવે મૂડીવાદીઓ અને તેનું જોઈને સામન્ય વર્ગ પણ રૂા. ૧૦૦ થી માંડીને રૂા.૧૦૦૦ સુધીના લગ્ન કાર્ડ, ગીત, ગરબા, લગ્ન, વરઘોડો, રોડ ઉપર નાચગાન, ફટાકડા, જમણવાર, રીસેપ્શન, ફુલેકું, મહેંદી રસમ, બધાં મળીને ૩ થી માંડીને પાંચ દિવસ સુધીના કાર્યક્રમો, ઝાકઝમાળ, લાખો, કરોડોનો ધુમાડો, સાથે- સાથે મામેરું પણ પાથરવું, કરિયાવરનો દેખાડો, છાબ લઈને જવું, ચાંલ્લો કરવા આવવું, કેવા કેવા દેખાડા થાય છે.

## ઓવર પરેંટિંગ

દેશ, રાજ્ય, શહેર કે ગામ ગમે તે હોય, લાગણીઓ બદલાતી નથી. થાળીમાં પીરસાયેલી વાનગીઓ સંસ્કૃતિ અને રિવાજો મુજબ બદલાય જાય, પણ ભૂખ નહિ! પૂર્વમાં, ભારતમાં પરિવારના નામે માતા-પિતા બસ, આવો જ ભય અને તીવ્ર સંવેદના અનુભવી સંતાનને ધરાર પોતાની સાથે પકડી રાખવાના, એને દૂર જવા ન દેવાના પ્રયત્નો કરે છે. પશ્ચિમમાંય ફિકર તો એ જ અનુભવાય છે, પણ વ્યક્ત કરતા નથી. હળવેકથી એને ભીતર ગળી જવામાં આવે છે, અને સંતાનોને મનભાવન મુક્તિ આપવામાં આવે છે. બૂઢાપો જવાનીને સલામ કરી એની આગેકૂચ માટે પોતે રસ્તા પર ઊભા રહીને નડવાને બદલે એનો માર્ગ મોકળો કરી ખુદ સાઈડની ફૂટપાથ પર સરકી જાય છે. સ્ટેન્ડફોર્ડ જેવી જગતની અગ્રણીય યુનિવર્સિટીના ડીન તરીકે ૨૦૧૨માં રિટાયર્ડ થયા પછી જુલી હેઈમ્સે ‘ઓવરપેરન્ટિંગ’ પર એક પુસ્તક લખ્યું છે. તેજસ્વી વિદ્યાર્થીઓ અને માતા-પિતા સાથે કામ કરવાના વર્ષોના અનુભવ પછી એમણે લખ્યું કે પ્રમાણમાં આધુનિક આઝાદમિજાજ ધરાવતા એમના દેશમાં પણ સુખીસંપન્ન માતા-પિતાનું ઓવરપેરન્ટિંગ વધી ગયું છે. જેને જરા લાડભર્યા ટોનમાં ‘હેલિકોપ્ટર પેરન્ટિંગ’ કહેવાય છે.

## સ્ત્રી પ્રત્યેની સંવેદના

પોતાના અધિકારો પ્રાપ્ત કરવામાં અસમર્થ રહી હોય એવી સ્ત્રીઓનું ભવિષ્ય અંધકારમય બની ગયું છે. સમાજમાં સ્ત્રીઓ માટે બંધનરૂપ કાયદાઓ ઘડાયા. બાળપણમાં પોતાના પિતાના બંધનમાં, યુવાનીમાં પતિના

બંધનમાં અને વૃદ્ધાસ્થામાં પુત્રના બંધનમાં જ જિંદગી પૂરી થઈ જાય છે. પુરૂષોના સમકક્ષ ન થઈ જાય એટલા માટે અને પુરૂષોનું આધિપત્ય જળવાઈ રહે એ હેતુસર અનેકાનેક કાયદાઓ ઘડાયા. ગૌરિવ્રતો, કડવાચોથનાં વ્રતો અને ઉપવાસો કે જેના કારણે સારો પતિ પ્રાપ્ત કરી શકાય, એવી ખોટી માન્યતાઓ, લગ્નમાં સપ્તપદીનાં સાત વચનો, ઋતુચક્રમાં પાળવામાં આવતાં નિયમો આદિક વસ્તુઓ દ્વારા અપાતું બંધન નારીની માનસિકતા(સાઈકોલોજી)ને પુરૂષો કરતાં ઓછપનો અનુભવ કરાવતી હોય છે. એ સિવાય જૈવિક (બાયોલોજીકલ) (Differences), શારીરિક અને માનસિક બંધનની સાથે ધાર્મિક બંધન પણ નડતું હતું. ધાર્મિકતાના આધારે ઊભા કરેલાં ષડયંત્રમાં કહેવાતું કે સ્ત્રીઓ તથા પશુઓ આ બંને માર ખાવાને લાયક છે. આવી ખોટી માન્યતાઓ તથા ભ્રામક ખ્યાલો વચ્ચે સ્ત્રીઓ જ કચડાઈ ગઈ હતી પરંતુ, કોઈ વેદ કે ઉપનિષદમાં આવા ભ્રામક વિચારો કે ખોટી માન્યતાઓનો કોઈ ઉલ્લેખ નથી. (જય વસાવડા)

આજના આ ઝડપી વિકસતા યુગમાં કમ્પ્યુટર અને ટેકનોલૉજી માનવને સહાયતા પૂરી પાડવા માટે બનાવવમાં આવ્યા હતા. પરંતુ આજે એ બંનેની આડમાં માણસ પાસે સમય જ નથી. ખેડૂત, શિક્ષક, ઑફિસર, વિદ્યાર્થી કે ધંધાદારી સૌ કોઈના મોઢે એમજ સંભળાય કે મારી પાસે સમય જ નથી. સમય ન હોવાથી પરિવારિક સંબંધોમાં દૂરી વર્તાઈ રહી છે. માનવમૂલ્યોની ઊણપ સર્જાઈ રહી છે. આવા સમયે માણસ આત્મગૌરવહીન, અસ્મિતાહીન જીવન અને માનવમૂલ્યોને ત્યજી દુખી જીવન વિમાસણમાં જીવી રહ્યો છે જે સતત અર્થની શોધમાં ભટક્યા કરે છે અને છીછરાં પરિવારિક જીવનથી કંટાળી જીવન ટૂંકાવવાના વિચારોની વચ્ચે ભમરાયા કરે છે. જીવનના ક્ષણિક આનંદ પાછળ ઘેલો થઈ સમય, પૈસા અને સંબંધોને વેડફતો જોવા મળે છે.

આપણે ત્યાં તો એની જરાય નવાઈ ન લાગે એટલું એ સાહજિક બની ગયું છે કે જાણે ખીલ ચામડીનો હિસ્સો બની ગયો છે. એના ઉપચારને બદલે ‘આ તો આમ જ હોય’ના અભિગમથી એનો સ્વીકાર થઈ ગયો છે! મા-બાપ જ રિમોટ કંટ્રોલથી બાળકો વતી જીવવા લાગે છે. એમને સ્વયંની (ઘર કરતાં જુદી, અલાયદી) પસંદગી કરવાનો કોઈ મોકો જ નથી આપતા. પોતાની ખાનપાનની આદત, સંસ્કારના નામે પોતાની પરંપરાઓ, ટેવોને સંતાનો પર લાદી જ દેવાય છે. સેફ્ટી કોન્શ્યસ, એકેડેમિક એચિવમેન્ટ ઓસ્પિન્ટેડપેરન્ટસ જાણે પરફેકશનનું એત ચેકલિસ્ટ બનાવી બાળકને એ બીબામાં ઢાળવા મથે છે. મોટાભાગે જીદ્દી, તોફાની, ધમાલિયા છોકરાં આગળ જતાં વધુ તૈયાર, સ્માર્ટ, પાવરફુલ, હોશિયાર બની જતા હોય છે. કારણ કે, એમનામાં પોતાની દુનિયા આગવી બનાવવાની ખુદ્દારી - ખુમારી વિશેષ હોય છે. એ કોઈની શેહશરમ કે ધોલદપાટ વિના બીજાને નહિ, ખુદને મનગમતું કશુંક કર્યા કરે છે. એડલ્ટ ઈન કમાન્ડ બને છે, ઈન કન્ટ્રોલ નહિ. પણ બહુમતી બચ્ચાંઓ મમ્મી - પપ્પાના ઈશારે નાચતા પપેટ્સ બને છે. (જય વસાવડા)

આજનો સમય દેખાડાનો સમય વધારે બની ગયો છે. દેખાદેખીના યુગમાં સમાજ-પરિવાર પોતાનાજ પગઉપર કુહાડી મારવા જેવી નવી સભ્ય સમાજની પ્રથાઓને જન્મ આપી રહ્યો છે. વેવિશાળ, સીમંત, કારજનું જમણ, જન્મદિવસની ઉજવણી, સંસ્કૃતિને કોઈ સંબંધ ન હોય તેવા ઊભા કરેલા દિવસો ઉજવવા, આધુનિકતા અને શિક્ષિત સમાજના નામ ઉપર અપાયેલી સ્ત્રીઓની સ્વતંત્રતાના પરિણામો, એવી તો અનેક બાબતો છે જે આજે પ્રથા બની અને આખરે ફેશન થઈને રહી ગઈ છે. જ્ઞાતિગત લગ્ન જીવનસાથીની પસંદગીના અભાવે અને એના પરિણામે લગ્નજીવનમાં ઊભા થતાં અઢળક પ્રશ્નો અનેક બાબતોને આપણે નવીનતાના નામે, પરંપરાના નામે, આધુનિકતાના નામે આપણાં જીવનનો ભાગ બનાવતા હોઈએ છીએ પણ એમાં રહેલા દૂરંદેશી પરિણામોનો વિચાર આજનો સભ્ય સમાજ પણ કરે છે, એની સામે પ્રશ્નાર્થ રહેશે.